# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : forumjunagadh.pgvcl@gebmail.com



CIN:U40102GJ2003SGC042908

પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૨/ક્વા-૦૨/૨૦૨૦-૨૧/૦૫ તા.૦૭.૦૧.૨૦૨૧


૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૫૨/ક્વા-૦૨/૨૦૨૦-૨૧**

અરજદાર: શ્રી પરસોતમભાઈ હરદાસભાઈ ગામ – થાણાપીપડી

સબડીવીઝન: શાપુર

### :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી જુનાગઢ-૨

### :: કોરમ ::

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |
| 3) મેમ્બર ટેકનીકલ | : | શ્રી કે.વી.ભટ્ટ |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જુનાગઢ

તારીખ: ગુરુવાર (૨૯.૧૦.૨૦૨૦)

### :: અરજદારની રજૂઆત ::

૧.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, સવિનય ઉપરોક્ત વિષય એ જણાવવાનું કે શાપુર ગામે શ્રી પરસોત્તમ હરદાસ ડઢાણીયા ના માલિકીના જે તે વખતના સર્વે નંબર ૩૯૮ માં સને ૧૯૯૫ ના વર્ષથી (૧૭/૦૫/૧૯૯૫) જીઈબી નું (હવે પીજીવીસીએલ) ખેતીવાડી ના હેતુ માટે નું ૧૫ એચ.પી. નો લોડ ધરાવતું વીજ જોડાણ જેતે વખતથી ચાલુ છે આ જોડાણ જેતે વખતે શ્રી પરસોત્તમ હરદાસ ના નામથી ચાલે છે આ જમીન તેમના પિતાશ્રી તરફથી તેમને વારસાઈ ધોરણે હાલ અરજદારશ્રી ના કબજામાં અને જોડાણ પણ તેઓના કબજામાં છે તેઓ આ જોડાણનું જે કંઈ ભરણું ભરવું પડે તે નિયમિત રીતે ભરતો જ રહ્યો છું જેની આપની કચેરીના રેકર્ડ પર ખરાઇ કરી શકો છો પરંતુ જૂન

જુલાઈ ૧૮ ના બીલીંગ વખતથી તેઓશ્રી નું આ જોડાણ ૧૫ એચ.પી. ને બદલે ૧૦ એચ.પી. નું રેકોર્ડ માં દર્શાવી આ અંગે પીજીવીસીએલ તરફ થી લોડ વધારા ની બાકી બોલાવે છે હકીકતમાં તેઓએ ક્યારેય લોડ ઘટાડો કરાવેલ નથી કે માંગણી કરેલ નથી તો વધારા કે ઘટાડવા ની વાત જ ક્યાંથી આવે? જેથી આ બાબતે મારો કોઈ પણ તબક્કે કે સ્ટેજે કોઈ કશુંર જ નથી તો પછી તેમની પાસે લોડ વધારવાની માંગણી પ્રથમ દ્રષ્ટિ એજ અન્યાયી લાગે છે તો તેઓની આ વિગત ધ્યાને લઇ સંબંધિત કચેરીના અધિકૃત અધિકારીશ્રી પાસેથી સમગ્ર પ્રકરણની વિગતો તપાસી ખરાઈ કરી.તેમને થતો અન્યાય કાયમી ધોરણે દૂર કરવા નમ્ર વિનંતી છે.આ બાબતે અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ શ્રી પરસોતમભાઈ હરદાસભાઈ C/o. શ્રી રમેશભાઈ પરસોતંભાઈ :- ગ્રા.નં.૩૫૮૩૯/૦૦૮૫૭/૫, ખેતીવાડી વીજ જોડાણ, ૧૫ હોર્સપાવર મુ.થાણાપીપડી તા.વંથલી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ કેન્દ્ર જુનાગઢ ખાતે તા.22/09/2020 ના રોજ અરજી કરેલ છે. અને ઉપરોક્ત સંદર્ભ મુજબ અરજી અત્રે ની કચેરી ને મળેલ છે જે મુજબ આપ સાહેબ ને જણાવવાનું કે સદર ગ્રાહક શ્રી ૧૫ હોર્સ પાવર નું ખેતીવાડી વીજ જોડાણ ધરાવે છે. અને તેમના દ્વારા લોડ વધારા ની અરજી અત્રે ની શાપુર પેટા વિભાગીય કચેરી એ કરવામાં આવેલ નથી પરંતુ સીસ્ટમ એરર ના કારણે સદર ગ્રાહક નું જૂન-જુલાઈ બીલ ઈન ઔગ્ષ્ટ-૨૦૧૮ માં લોડ ૧૫ હોર્સ પાવર માથી ૧૦ હોર્સ પાવરથયેલ અને અત્રે ની કચેરી એ આવેલ ઓડિટ પીરિયડ એપ્રીલ-૨૦૧૮ થી માર્ચ-૨૦૧૯ ના સમય ગાળા માં સદર લોડ ઘટાડો ઓડિટ ઓડિટ દરમ્યાન આ બાબત ધ્યાને આવેલ અને જેથી સદર ગ્રાહક ને ઓડિટ પારા મુજબ રૂ. ૭૭૧૮.૧૬/- નું ફિક્સ ચાર્જ નું બીલ આપવામાં આવેલ.

૨.૧ સદર બાબત જ્યારે ગ્રાહક શ્રી શાપુર પેટા વિભાગીય કચેરી એ રૂબરૂ આવેલ ત્યારે પણ સદર બાબતે તેમને સમજાવેલ અને જેથીજ ગ્રાહકશ્રી એ ઓડિટ પારા મુજબ ના પૈસા ભરપાઈ કરી આપેલ છે. તેમજ સદર ખેતીવાડી વીજ જોડાણ (એ૧) કેટેગરી નું હોય અને તેનું મીટર રીડર દ્વારા બિલિંગ થતું ન હોય ફક્ત સીસ્ટમ માં જ બીલ પ્રોસેસ અને એસેસમેંટ દર બે મહિને થતું હોય આથી સદર સીસ્ટમ એરર ને કારણે થયેલ લોડ ઘટાડો પેટા વિભાગીય કચેરી ના ધ્યાને આવેલ ના હતો.પરંતુ ઓડિટ દ્વારા સદર બાબત ધ્યાને આવતા તરત જ યોગ્ય સુધારો કરવામાં આવેલ.

૨.૨ આથી સદર લોડ ઘટાડો ફક્ત સીસ્ટમ એરર સીઆરએમ અને એલ.ટી. બિલિંગ ને કારણે થયેલ હોય હાલ સદર ગ્રાહકનો લોડ સીસ્ટમ માં પેહલા ની જેમ જ ૧૫ હોર્સ પાવર કરી આપેલ છે.

૨.૩ આથી ઉપરોક્ત બાબતે ગ્રાહકને તેમની ફરીયાદ/રજુઆત અન્વયે સંતોષકારક નિરાકારણ થયેલ હોય આથી અરજદારશ્રીની ફરીયાદનું સંતોષકારક નિવારણ થતા અરજદારશ્રી એ તે બદલ અત્રેની શાપુર પેટા વિભાગીય કચેરીએ રૂબરૂ તારીખ-૨૬.૧૦.૨૦૨૦નાં રોજ આવી સમાધાન પુર્શીશમાં સહી કરી આપેલ છે.

## :: હુકમ ::

૩.૦ અરજદારશ્રીની રજૂઆત અન્વયે પેરા નં ૧.૦ અન્વયે પેરા નં. ૨.૩ મુજબ પીજીવીસીએલ કંપની ની શાપુર કચેરી દ્વારા ફરીયાદનું નિરાકરણ થતા પીજીવીસીએલ શાપુર કચેરી દ્વારા અરજદારની સહીવાળું સમાધાન પત્ર તા.૨૬.૧૦.૨૦૨૦ થી રજુ કરેલ હોય ફોરમ કક્ષા એથી આ અરજી દફતરે કરવાનો નિર્ણય લીધેલ છે.

૩.૧ આમ ફોરમ દ્વારા અરજદારશ્રી ની કંપની ફરિયાદ અન્વયે કઈ કરવાનું રહેતું ન હોય અરજદારશ્રી ની સદર ફરીયાદ દફતરે કરવામાં આવે છે.

૩.૨ આ સાથે અરજદારશ્રી ની અરજી ફેસલ કરવામાં આવે છે.

| શ્રી એન.એસ.પંડયા | શ્રી કે.વી.ભટ્ટ | શ્રી બી.પી.બુચ |
|---|---|---|
| સ્વતંત્ર સભ્ય | મેમ્બર (ટેકનીકલ) | ચેરપર્સન |